# સરદાર પટેલ યુનિવર્સિટી

## વલ્લભ વિદ્યાનગર

## નોટીસ

**અનુ.જનજાતિ (એસ.ટી), અનુ.જાતિ (એસ.સી), બક્ષીપંચ (ઓ.બી.સી.) જાતિના વિદ્યાર્થીઓ માટે**

**શિષ્યવૃતિ વર્ષઃ ૨૦૧૬-૧૭**

યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોમાં અભ્યાસ કરતા ઉપરોક્ત જાતિઓના વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે કે તેઓએ પોતાની કેટેગરી પ્રમાણેના શિષ્યવૃતિ અરજીપત્રકો યુનિવર્સિટી કાયલિયના સ્કોલરશીપ વિભાગ (રુમ નં - ૩૦૨) માંથી **તાઃ ૦૧/૦૭/૨૦૧૬** થી **તાઃ ૧૫/૦૮/૨૦૧૬** દરમ્યાન મેળવી જરુરી દસ્તાવેજો, વિગતો અને સહિ-સિક્કા કરાવી સ્કોલરશીપ વિભાગમાં જ પરત કરવાના રહેશે. પરત કરવાની છેલ્લી **તાઃ ૨૪/૦૮/૨૦૧૬** છે. ત્યાર બાદ વિદ્યાર્થીઓની અરજી સ્વીકારવામાં આવશે નહી જેની દરેક વિદ્યાર્થીએ નોંધ લેવી.

**અરજી સાથે બિડાણ કરવાના દસ્તાવેજો ની યાદીઃ-**

૧. જાતિનો દાખલો.
૨. વર્ષઃ ૨૦૧૫-૧૬નો આવકનો દાખલો. (મામલતદાર, ટી.ડી.ઓ, નગરપાલિકાના ચીફ ઓફીસરનો જ માન્ય)
૩. શાળા છોડ્યાનું પ્રમાણપ્રત્ર. (એલ.સી)
૪. ફ્રેશ વિદ્યાર્થીઓ માટે ધોરણ :-૧૦ થી લઇને અત્યાર સુધીની તમામ માર્કશીટ્સ,
રિન્યુઅલ માટે અનુસ્નાતક અભ્યાસક્રમની પાસ કર્યાની છેલ્લી માર્કશીટ.
૫. અભ્યાસમાં તુટ પડેલ હોય તો તેની એફિડેવિટ.
૬. હોસ્ટેલમાં રહેતા હોય તો તેની ફી ભર્યાની રસીદ. (અરજીફોર્મમાં ગૃહપતિના સહિ-સિક્કા)
૭. સંબંધિત અભ્યાસક્રમની વર્ષ ૨૦૧૬ - ૧૭ની ફી ભર્યાની રસીદ.
૮. વિદ્યાર્થીનો પાસપોર્ટ સાઇઝનો ફોટો.
૯. આધાર કાર્ડની નકલ (ફરજિયાત બેન્કમાં સીડીંગ કરાવી તેની નકલ આપવી.)
૧૦. રેશનકાર્ડની નકલ
૧૧. ઇલેક્શન કાર્ડની નકલ
૧૨. યુનિયન બેંક ખાતાની પાસબુક માં ખાતા નંબર, નામ અને સરનામાની વિગતો દર્શાવતા પાનની નકલ.

**આવક મર્યાદાઃ-**

- અનુ. જનજાતિ (એસ.ટી), ના વિદ્યાર્થીઓ માટે વાર્ષિક આવક મર્યાદા રૂા. ૨,૫૦,૦૦૦/- કે તેથી ઓછી.
- અનુ. જાતિ (એસ.સી), ના વિદ્યાર્થીઓ માટે વાર્ષિક આવક મર્યાદા રૂા. ૨,૫૦,૦૦૦/- કે તેથી ઓછી..

**સમાજ કલ્યાણ વિભાગના નવા ઠરાવ મુજબ બક્ષીપંચ માટે આવક મર્યાદા નીચે મુજબ છેઃ-**

- બક્ષીપંચ જાતિના વિદ્યાર્થીઓની વાર્ષિક આવક મર્યાદા રૂા. ૧,૦૦,૦૦૦/- કે તેથી ઓછી.
- દરેક વિદ્યાર્થીની (બહેનો)ની માટેની વાર્ષિક આવક મર્યાદા રૂા. ૧,૦૦,૦૦૦/- ની છે. પરંતુ તેથી વધુ આવક હશે તો પણ તેઓ અરજી કરી શકશે પણ સ્કોલરશીપ વધુ આવક મુજબ મંજુર થશે.
- એન. ટી. ડી. એન. ટી. ના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ માટે (ફક્ત સેલ્ફફાઇનાન્સ) અભ્યાસક્રમની આવક મર્યાદા રૂા. ૨,૦૦,૦૦૦/- છે. અને જનરલ (ગ્રાન્ટ -ઇન-એઇડ) માટે રૂા. ૧,૦૦,૦૦૦/- છે.

નંબર : એન/સ્કો./૨૦૧૬-૧૭/૧૨૩૪
વલ્લભ વિદ્યાનગર
તારીખ ૧૫/૦૬/૨૦૧૬

નાયબ કુલસચિવ

**નકલ રવાના :-**

૧. વડાશ્રી, અનુસ્નાતક ______ વિભાગ તરફ સંબધિત વિદ્યાર્થીઓને જાણ માટે નોટીસ બોર્ડ પર મુકવા માટે.

D:\Scholarship\NOTICE.doc

# સરદાર પટેલ યુનિવર્સિટી

વલ્લભ વિદ્યાનગર

## નોટીસ

### આર્થિક રીતે પછાત વર્ગ (ઇ.બી.સી) શિષ્યવૃતિ વર્ષ : ૨૦૧૬-૧૭

યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોમાં અભ્યાસ કરતા આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે કે આર્થિક રીતે પછાત વર્ગ શિષ્યવૃતિ માટેના અરજી પત્રકો યુનિવર્સિટી કાર્યાલયના સ્કોલરશીપ વિભાગ (રુમ નં.-૩૦૨) માંથી તાઃ **૦૧/૦૭/૨૦૧૬** થી તાઃ **૧૫/૦૮/૨૦૧૬** સુધીમાં મેળવી, નીચે જણાવેલ જરૂરી દસ્તાવેજો, વિગતો અને સહિ-સિક્કા કરાવી સ્કોલરશીપ વિભાગમાં જ પરત કરવાના રહેશે. અરજી પત્રક પરત કરવાની છેલ્લી તાઃ **૨૭/૦૮/૨૦૧૬** છે. ત્યાર બાદ **વિદ્યાર્થીઓની અરજી સ્વીકારવામાં આવશે નહી.** જેની દરેક વિદ્યાર્થીએ નોંધ લેવી.

**ફ્રેશ - રીન્યુઅલ અરજીમાં બિડાણ કરવાના દસ્તાવેજો ની યાદી :**

૧. વર્ષઃ ૨૦૧૫-૧૬નો આવકનો દાખલો (રૂા. ૨૫,૦૦૦/- કે તેથી ઓછી).
૨. શાળા છોડ્યાનું પ્રમાણપ્રત્ર (એલ.સી).
૩. ફ્રેશ વિદ્યાર્થીઓ માટે ધોરણ ૧૦ થી લઇને અત્યાર સુધીની તમામ માર્કશીટ્સ
   રિન્યુઅલ માટે અનુસ્નાતક અભ્યાસક્રમની પાસ કર્યાની છેલ્લી માર્કશીટ.
૪. અભ્યાસમાં તુટ પડેલ હોય તો તેની એફિડેવિટ.
૫. હોસ્ટેલમાં રહેતા હોયતો તેની ફી ભર્યાની રસીદ.(અરજીફોર્મમાં ગૃહપતિના સહિ-સિક્કા સહિત)
૬. સંબધિત અભ્યાસક્રમની વર્ષ ૨૦૧૬-૧૭ ની ફી ભર્યાની રસીદ.
૭. આધાર કાર્ડની નકલ
૮. રેશન કાર્ડની નકલ
૯. ઈલેક્શન કાર્ડની નકલ
૧૦. બેંક ખાતાની પાસબુક માં ખાતા નંબર, નામ અને સરનામાની વિગતો દર્શાવતા પાનની બે નકલ જોડવી.

**ખાસ નોંધ :**

- આ નોટીસ ફક્ત અનુસ્નાતક (પી.જી) વિભાગના વિદ્યાર્થીઓ માટે જ છે.
- આ શિષ્યવૃતિ માટે અરજી કરનાર વિદ્યાર્થીને અન્ય શિષ્યવૃતિનો લાભ લીધેલ ન હોવો જોઇએ.
- વિદ્યાર્થીએ છેલ્લી વાર્ષિક પરીક્ષામાં ૬૦% થી વધુ ગુણ મેળવેલ હોવા જોઇએ.
- આ યોજના હેઠળ ફક્ત ટ્યુશન ફી ના ૬૦૦+૬૦૦ = ૧૨૦૦/- રૂા. લાભ મળવા પાત્ર છે.
- સેલ્ફ ફાઇનાન્સ (સ્વનિર્ભર) અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ મળવા પાત્ર નથી.

નંબરઃ એન/ઇ.બી.સી.સ્કો./૨૦૧૬-૧૭/૧૫૩૩
વલ્લભ વિદ્યાનગર
તાઃ ૧૫/૦૬/૨૦૧૬

**નાયબ કુલસચિવ**

**નકલ રવાનાઃ-**

૧. વડાશ્રી, અનુસ્નાતક ________________ વિભાગ તરફ સંબધિત વિદ્યાર્થીઓને જાણ માટે, નોટીસ બોર્ડપર મુકવા માટે.

## શિષ્યવૃત્તિની અરજી સાથે ક્રમીક બિડાણ કરવાના દસ્તાવેજોની યાદીઃ-

૧. જાતિનો દાખલો.

૨. વર્ષઃ ૨૦૧૫-૧૬નો આવકનો દાખલો. (મામલતદાર, ટી.ડી.ઓ, નગરપાલિકાના ચીફ ઓફીસરનો જ માન્ય)

૩. શાળા છોડ્યાનું પ્રમાણપ્રત્ર. (એલ.સી)

૪. ફ્રેશ વિદ્યાર્થીઓ માટે ધોરણઃ-૧૦ થી લઇને અત્યાર સુધીની તમામ માર્કશીટ્સ,

✓ **રિન્યુઅલ માટે અનુસ્નાતક અભ્યાસક્રમની પાસ કર્યાની છેલ્લા બે સેમેસ્ટરની માર્કશીટ.**

૫. અભ્યાસમાં એક વર્ષથી વધુ તુટ પડેલ હોય તો તેનું એફિડેવિટ.

૬. હોસ્ટેલમાં રહેતા હોય તો તેની ફી ભર્યાની રસીદ. (અરજીફોર્મમાં બિડાણ-૩માં ગૃહપતિના સહિ-સિક્કા)

૭. સંબંધિત અભ્યાસક્રમની વર્ષ ૨૦૧૬ - ૧૭ની ફી ભર્યાની રસીદ.

૮. વિદ્યાર્થીનો પાસપોર્ટ સાઇઝનો ફોટો.

૯. આધાર કાર્ડની નકલ (ફરજિયાત બેન્કમાં સીડીંગ કરાવી તેની નકલ આપવી.)

૧૦. રેશનકાર્ડની નકલ

૧૧. ઈલેક્શન કાર્ડની નકલ

૧૨. યુનિયન બેંક ખાતાની પાસબુકમાં ખાતા નંબર, નામ અને સરનામાની વિગતો દર્શાવિતા પાનની નકલ.

## શિષ્યવૃત્તિની અરજી સાથે બિડાણ કરવાના દસ્તાવેજો અંગેના જરૂરી સૂચનોઃ-

### ➢ આવકનો દાખલા અંગેઃ

૧. વર્ષઃ ૨૦૧૫-૧૬નો આવકનો દાખલો ફક્ત મામલતદાર, ટી.ડી.ઓ, નગરપાલિકાના ચીફ ઓફીસરનો જ માન્ય ગણાશે. નગર પાલિકા પ્રમુખ, ગ્રામ પંચાયતના તલાટી, સાંસદ સભ્ય કે અન્ય કોઈ દ્વારા કાઢવામાં આવેલ આવકનો દાખલો સ્વીકારવામાં આવશે નહી.

૨. આવકનો દાખલો પિતાના નામનો જ હોવો જોઇએ.
પિતાના હોય તેવા કિસ્સામાં પિતાના મરણના દાખલા સાથે માતાનો આવકનો દાખલો સ્વીકારવામાં આવશે.

૩. જે વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીની આવક રૂ।. ૨,૦૦,૦૦૦ કે તેથી વધુ હોય તેમણે ફરજિયાત ફોર્મ-૧૬ (ઈન્કમટેક્ષ અંગેનું) અરજી સાથે જોડવું.

૪. જે વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીના માતા-પિતા નોકરી કરતા હોય તેમણે આવકના દાખલા સાથે ફરજિયાત ફોર્મ-૧૬ અરજી સાથે જોડવું.

### ➢ આધાર કાર્ડ અંગેઃ

૧. આધાર કાર્ડની નકલ અરજી સાથે જોડતા પહેલા યુનિયન બેંકમાં ફરજિયાત સીડીંગ કરાવી તેની નકલ આપવી. સીડીંગના સિક્કા વગરનું ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

### ➢ બેંક ખાતા અંગેઃ

૧. દરેક વિદ્યાર્થીએ શિષ્યવૃત્તિ મેળવવા માટે યુનિયન બેંકમાં જ ખાતું ખોલાવવાનું રહેશે. અન્ય બેન્કનું ખાતું માન્ય રાખવામાં આવશે નહી.

સરનામુંઃ યુનિયન બેંક, ડી-માર્ટની બાજુમાં, વલ્લભ વિદ્યાનગર